દાખલ તારીખ :-૦૨/૦૫/૨૦૨૨

નોંધ્યા તારીખ :-૦૨/૦૫/૨૦૨૨

ફેંસલ તારીખ :-૦૫/૦૬/૨૦૨૬

સમયગાળો :-વર્ષ-માસ-દિવસ

૦૪-૦૧-૦૩

---

ભિલોડાના મહેરબાન એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,મુ.ભિલોડા,જી.અરવલ્લી.

---

ફોજદારી કેસ નં.૫૭૭/૨૦૨૨

આંક :૫૩

-:: ફોર્મ-એ ::-

| | |
|---|---|
| એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ,ભિલોડા-અરવલ્લી<br>હુકમની તારીખ:-૦૫/૦૬/૨૦૨૬<br>ફોજદારી કેસ નંબર:-૫૭૭/૨૦૨૨ | |
| પોલીસ સ્ટેશન | ભિલોડા પો.સ્ટે.ગુ.રજી.નં.૭૦૪/૨૦૨૦ |
| ગુન્હો | ભારતીય દંડ સંહીતાની કલમ-૩૨૩,૫૦૪,૧૧૪ તથા જી.પી.એકટ-૧૩૫ મુજબ |
| ફરીયાદી | શ્રી સરકાર |
| ફરીયાદી તર્ફે | વિ.એ.પી.પી.શ્રી. બી.આઈ.મનસુરી |
| -:: વિરૂધ્ધ ::- | |
| આરોપી | (૧) જશોદાબેન વા/ઓ અશોકભાઈ પ્રેમજીભાઈ પલાત ઉ.વ.૪૦,<br>(૨) વિમલભાઈ અશોકભાઈ પલાત,ઉ.વ.૨૧,<br>(૩) ગોવિંદભાઈ અશોકભાઈ પલાત,ઉ.વ.૨૦,<br>તમામ રહે.આંબાબાર,તા.ભિલોડા,જી.અરવલ્લી. |
| આરોપીઓ તર્ફે | વિ.વકીલશ્રી : કે.ટી.પાંડોર |

-:: ફોર્મ-બી ::-

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | તા.૩૦/૧૦/૨૦૨૦ |
| એફ.આઈ.આર.ની તારીખ | તા.૦૫/૧૧/૨૦૨૦ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | તા.૦૨/૦૫/૨૦૨૨ |
| ત્હોમતનામું ફરમાવ્યા તારીખ | તા.૧૫/૧૦/૨૦૨૨ |
| પુરાવો નોંધવાનું શરૂ કર્યા તારીખ | તા.૦૪/૦૩/૨૦૨૪ |
| હુકમ ઉપર લીધેલાની તારીખ | તા.૨૬/૦૨/૨૦૨૬ |
| હુકમ જાહેર કર્યા તારીખ | તા.૦૫/૦૬/૨૦૨૬ |
| સજાનો હુકમ જાહેર કર્યા તારીખ | -- |

-:: આરોપીની વિગત ::-

| | |
|---|---|
| આરોપીનો ક્રમ | (૧) |
| આરોપીનું નામ | જશોદાબેન વા/ઓ અશોકભાઈ પ્રેમજીભાઈ પલાત |
| ધરપકડ કર્યા તારીખ | તા.૦૭/૦૧/૨૦૨૧ |
| જામીન મુકત કર્યા તારીખ | તા.૦૭/૦૧/૨૦૨૧ |
| કયો ગુન્હો નોંધાયેલ | ભારતીય દંડ સંહીતાની કલમ-૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટ -૧૩૫ મુજબ |
| છોડી મુકેલ કે સજા કરેલ | પ્રોબેશનનો લાભ આપેલ છે. |
| સજા કર્યાની વિગત | તા.૦૫/૦૬/૨૦૨૬ |
| ક્રી.પો.કોડની કલમ ૪૨૮ મુજબ ન્યાયીક કાર્યવાહી દરમીયાન જેલમા રહેલ સમય | - |

| | |
|---|---|
| આરોપીનો ક્રમ | (૨) |
| આરોપીનું નામ | વિમલભાઈ અશોકભાઈ પલાત, |

| | |
|---|---|
| ધરપકડ કર્યા તારીખ | તા.૦૭/૦૧/૨૦૨૧ |
| જામીન મુકત કર્યા તારીખ | તા.૦૭/૦૧/૨૦૨૧ |
| કયો ગુન્હો નોંધાયેલ | ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટ –૧૩૫ મુજબ |
| છોડી મુકેલ કે સજા કરેલ | પ્રોબેશનનો લાભ આપેલ છે. |
| સજા કર્યાની વિગત | તા.૦૫/૦૬/૨૦૨૬ |
| ક્રી.પો.કોડની કલમ ૪૨૮ મુજબ ન્યાયીક કાર્યવાહી દરમીયાન જેલમા રહેલ સમય | – |

| | |
|---|---|
| આરોપીનો ક્રમ | (૩) |
| આરોપીનું નામ | ગોવિંદભાઈ અશોકભાઈ પલાત |
| ધરપકડ કર્યા તારીખ | તા.૦૭/૦૧/૨૦૨૧ |
| જામીન મુકત કર્યા તારીખ | તા.૦૭/૦૧/૨૦૨૧ |
| કયો ગુન્હો નોંધાયેલ | ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટ –૧૩૫ મુજબ |
| છોડી મુકેલ કે સજા કરેલ | પ્રોબેશનનો લાભ આપેલ છે. |
| સજા કર્યાની વિગત | તા.૦૫/૦૬/૨૦૨૬ |
| ક્રી.પો.કોડની કલમ ૪૨૮ મુજબ ન્યાયીક કાર્યવાહી દરમીયાન જેલમા રહેલ સમય | – |

–:: ફોર્મ–સી ::–

એ – ફરીયાદપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :–

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧. | નગજીભાઈ નાથાભાઈ વરસાત | ફરીયાદી | ૧૫ |

| | | | |
|---|---|---|---|
| ૨. | અરવિંદભાઈ મનજીભાઈ પલાત | પંચસાહેદ | ૨૨ |
| ૩. | હસમુખકુમાર જગદીશભાઈ ભગોરા | પંચસાહેદ | ૨૪ |
| ૪. | દીલીપભાઈ રામજીભાઈ પલાત | પંચસાહેદ | ૨૫ |
| ૫. | કમલેશકુમાર જગદીશભાઈ અસારી | પંચસાહેદ | ૨૭ |
| ૬. | અલુબેન નગજીભાઈ વરસાત | સાહેદ | ૨૮ |
| ૭. | દિલીપભાઈ રામજીભાઈ વરસાત | સાહેદ | ૩૪ |
| ૮. | ડૉ.દીનેશકુમાર સુખદેવભાઈ ચૌધરી | મેડીકલ ઓફીસર | ૩૬ |
| ૯. | ડૉ.મીનલદેવ વસંતકુમાર બ્રહમભટ્ટ | મેડીકલ ઓફીસર | ૪૧ |
| ૧૦ | ચંદુભાઈ ખાતુભાઈ,એ.એસ.આઈ. | ત.ક.અ. | ૪૬ |

બી– આરોપીપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :– સાહેદો તપાસેલ નથી.

સી– અદાલતે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :– સાહેદો તપાસેલ નથી.

<u>એ– ફરીયાદપક્ષ ઘ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:–</u>

| ક્રમ | દસ્તાવેજોનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૬ |
| ૨. | મારક હથીયાર રીકવર પંચનામું | ૨૩ |
| ૩. | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૨૬ |
| ૪. | ઓ.પી.ડી. કેસ પેપર | ૩૭ |
| ૫. | સારવાર પ્રમાણપત્ર | ૩૮ |
| ૬. | સારવાર પ્રમાણપત્ર | ૪૨ |
| ૭. | સુચીપત્ર | ૪૭ |

બી– બચાવપક્ષ ઘ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.

સી– અદાલત ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.

ડી– અદાલત સમક્ષ લેવામા આવેલ તકરારો તથા તેનુ વર્ણન :– નથી.

<u>–:: ઠરાવ ::–</u>

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપીઓએ ગઈ તા.૩૦/૧૦/૨૦૨૦ ના કલાક ૧૮:૦૦ વાગ્યે મોજે આંબાબાર ગામે ફરીયાદી તેમના ખેતરના છેઢે ઉભા હતા તે દરમ્યાન આરોપી નં.૪ નાએ ફરીયાદીને શરીરે ગડદાપાટુનો માર મારી તથા આરોપી નં.૩ નાએ લાકડીથી હાથે તથા પીઠના ભાગે માર મારી નં.૧ તથા ૨ નાઓ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે ગાળો બોલી ગડદાપાટુનો માર મારી,મહે. જીલ્લા મેજી.સા.ના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો ઈ.પી.કો.કલમ–૩૨૩,૫૦૪,૧૧૪ તથા જી.પી. એકટ કલમ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનો કર્યાની અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ.

(૨) ત્યારબાદ આરોપીઓને પ્રોસેસ કાઢતાં અને હાજર થતાં, ક્રિ.પ્રો.કો.ની કલમ–૨૦૭ મુજબ આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડેલ છે તથા આંક–૦૬ થી આંક–૦૮ સુધી આરોપીઓની પ્લી રેકર્ડ કરતાં,આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરતાં કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) ફરિયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા નીચે મુજબ છે.

-:: મૌખિક પુરાવો ::-

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧. | નગજીભાઈ નાથાભાઈ વરસાત | ફરીયાદી | ૧૫ |
| ૨. | અરવિંદભાઈ મનજીભાઈ પલાત | પંચસાહેદ | ૨૨ |
| ૩. | હસમુખભાઈ જગદીશભાઈ ભગોરા | પંચસાહેદ | ૨૪ |
| ૪. | દીલીપભાઈ રામજીભાઈ પલાત | પંચસાહેદ | ૨૫ |
| ૫. | કમલેશકુમાર જગદીશભાઈ અસારી | પંચસાહેદ | ૨૭ |
| ૬. | અલુબેન નગજીભાઈ વરસાત | સાહેદ | ૨૮ |
| ૭. | દિલીપભાઈ રામજીભાઈ વરસાત | સાહેદ | ૩૪ |
| ૮. | ડૉ.દીનેશકુમાર સુખદેવભાઈ ચૌધરી | મેડીકલ ઓફીસર | ૩૬ |
| ૯. | ડૉ.મીનલદેવ વસંતકુમાર બ્રહમભટ્ટ | મેડીકલ ઓફીસર | ૪૧ |
| ૧૦ | ચંદુભાઈ ખાતુભાઈ,એ.એસ.આઈ. | ત.ક.અ. | ૪૬ |

-:: દસ્તાવેજી પુરાવો ::-

| ક્રમ | દસ્તાવેજોનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૬ |
| ૨. | મારક હથીયાર રીકવર પંચનામું | ૨૩ |
| ૩. | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૨૬ |
| ૪. | ઓ.પી.ડી. કેસ પેપર | ૩૭ |
| ૫. | સારવાર પ્રમાણપત્ર | ૩૮ |
| ૬. | સારવાર પ્રમાણપત્ર | ૪૨ |
| ૭. | સુચીપત્ર | ૪૭ |

(૪) ત્યારબાદ ક્રિ.પ્રો.કો.ની કલમ-૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ જેમાં પણ આરોપીઓએ ફરીથી ગુનાનો ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે,ખોટી ફરીયાદ કરેલ છે.બચાવના સાહેદો

તપાસવા નથી તેવુ જાહેર કરેલ છે.તેઓના વિશેષ નિવેદનમાં તેમના વિરુધ્ધ ખોટો કેસ કરેલ હોવાનુ અને તેઓ નિર્દોષ હોવાનુ જણાવેલ છે.

(૫) ફરિયાદપક્ષ તરફે એ.પી.પી.શ્રી.બી.આઈ.મનસુરીનાઓ તેમની દલીલમાં જણાવે છે કે આરોપીઓએ ફરીયાદીને લાકડી મારી ઈજા કરેલ છે તથા ગડદા પાટુનો માર મારી ઈજા કરેલ છે. ફરીયાદી તથા સાહેદોએ ફરીયાદને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે અને આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો આવેલ હોય આરોપીઓને સજા કરવા વિનંતી છે.

બચાવપક્ષે વિ.વકીલશ્રી કે.ટી.પાંડોરની દલીલો સાંભળી તેઓ જણાવે છે કે ફરીયાદી તથા આરોપીઓ વચ્ચે જમીનની તકરાર ચાલે છે ફરીયાદી તથા સાહેદો વિરોધાભાસી હકીકતો જણાવે છે. અને આરોપીઓ વિરૂધ્ધ ખોટી ફરીયાદ કરેલ હોય તથા આરોપીઓ વિરૂધ્ધ કોઈ પુરાવો આવેલ ન હોય આરોપીઓને નિર્દોષ છોડી મુકવા વિનંતી છે.

(૬) ઉપરોકત હકીકત તથા પડેલ પુરાવાઓ ઉપરથી આ કેસના નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબનો મુદાઓ ઉપસ્થિત થાય છે.

-::મુ દા ::-

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે,આરોપીઓએ ગઈ તા.૩૦/૧૦/૨૦૨૦ ના કલાક ૧૮:૦૦ વાગ્યે મોજે આંબાબાર ગામે ફરીયાદી તેમના ખેતરના છેઢે ઉભા હતા તે દરમ્યાન આરોપી નં.૪ નાએ ફરીયાદીને શરીરે ગડદાપાટુનો માર મારી તથા આરોપી નં.૩ નાએ લાકડીથી હાથે તથા પીઠના ભાગે માર મારી નં.૧ તથા ૨ નાઓ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે ગાળો |

| | |
|---|---|
| | બોલી ગડદાપાટુનો માર મારી,મહે. જીલ્લા મેજી.સા.ના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો ઈ.પી.કો.કલમ-૩૨૩,૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબનો શિક્ષાન પાત્ર ગુનો કરેલ છે? |
| (૨) | શું હુકમ ? |

(૭) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | હકારમાં |
| (૨) | આખરી હુકમ મુજબ. |

<u>કારણો અને ચર્ચા</u> :-

(૮) ફરીયાદપક્ષે સૌપ્રથમ ફરીયાદી નગજીભાઈ નાથાભાઈ વરસાત ને આંક-૧૫ થી તપાસતા એવો પુરાવો રજુ કરેલ છે કે,બનાવની ચોકકસ તીરખ યાદ નથી.બનાવ બે-એક વર્ષ પહેલા સાંજના ૫-૬ વાગે અમારા ખેતરના પશ્ચિમના ભાગે રોડ ઉપર બનેલો.બનાસ સમયે હુ મારે અકસ્માત થયેલ હોઈ ચાલવા માટે નીકળેલો ત્યારે જશોદાબેન અશોકભાઈ,તેમના બે પુત્રો વિમલભાઈ અને ગોવિંદભાઈ તથા વિમલભાઈના પત્ની, જશોદાબેનની દીકરી ડીમ્પલ ત્યાં આવી ગયેલા. પછી મને પથ્થરમારો કરી પાડી નાખેલ.આ લોકો મને હાથ પગ પકડી ખેંચીને ઘસડતા તેમના ઘરે લઈ ગયેલા અને મને ખુંભી જોડે બાંધી દીધેલા.ગોવિંદ લાકડુ કાઢી લોહી ના આવે તે રીતે શરીરના બને ભાગે માર મારેલો.પછી જોશદાબેને પોલીસને ફોન કરીને બોલાવેલ પછી પોલીસ આવેલી અને મને છોડાવીને પોલીસ સ્ટેશન લઈ ગયેલ.મે પોલીસને આજીજી કરેલ કે આ લોકોએ મને માર મારેલ છે પરંતુ મારુ માનેલુ નહી અને મને પોલીસ સ્ટેશન લઈ ગયેલ.પછી મારા કુટુંબના લોકો પોલીસ સ્ટેશન આવી મને સારવાર માટે ભિલોડા કોટેજ હોસ્પિટલ લાવેલા

અને મને સારૂ ન થતા મીરા હોસ્પિટલમાં સારવાર કરાવેલી.મને ત્રણ ચાર દીવસ સારવાર કરાવી રજા આપેલી.ત્યારબાદ મે ફરીયાદ આપેલી.જે ફીરયાદ મને બતાવવામાં આવે છે જેમાં મારી સહી ઓળખી બતાવુ છુ જે આંક–૧૬ થી રજુ છે.મારા ખેતરમાં ફેન્સીંગ વાડ કરાવતો હતો જે મને કરવા દીધેલ નહી જેની ફરીયાદ મે કોર્ટમાં કરેલી હોઈ આ લોકોએ મને માર મારેલો.આરોપી ગામના હોઈ જોઈને ઓળખી શકુ.જશોદાબેન આજરોજ હાજર છે અન્ય આરોપી આજરોજ હાજર નથી.

જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,''હુ જી.ઈ.બી.માં નોકરી કરતો હતો. હુ સીનીયર આસીસ્ટન્ટ તરીકે કામ કરતો હતો.હુ સને–૨૦૧૬ માં નિવૃત થયેલો.હુ નિવૃત થયા પછી ખેતીકામ કરુ છુ અને અમારા જમીનની ફેન્સીંગ કરાવેલી.મે આ જમીન વેચાણ રાખેલી.મે આ જમીન સળુભાઈ મેણાત પાસેથી વેચાણ રાખેલી.મારી જમીનના પશ્વિમે અશોકભાઈ પ્રેમજી,પુર્વ અને દક્ષિણે એકજ કુટુંબના લોકોની જમીન છે પરંતુ તેમના નામ મને યાદ નથી,ઉત્તરે નિનામા હિરાજી શકરાજીની જમીન છે. અશોકભાઈએ બાથરૂમ બનાવતા મે હટાવી લેવા કહેલુ.બનાવ દિવસે હુ અને મારા પત્ની ઘરે હાજર હતા. એ વાત ખરી નથી કે બનાવ સમયે અશોકભાઈના ઘરે ડીમ્પલબેન અને ટવીંકલબેન એમ બે જણા હતા,સાહેદ જણાવે છે કે બધા હતા.૧૦૮ એમ્બ્યુલેન્સ આવેલી.અમારી અને ડીમ્પલબેનની જમીન અડીને આવેલી છે.બનાવ સમયે અમારા ગામના પલાત ધુળજી ધર્મા અને બીજા એક બેન આવેલા જેમનુ નામ મને ખબર નથી.મને છોડાવવા પોલીસ આવેલી. અશોકભાઈના ઘરેથી મને પોલીસ ભિલોડા પોલીસ સ્ટેશન લઈને આવેલી. મને દવાખાને અસારી મીતેશભાઈ રામજીભાઈ લઈ ગયેલા.મને કોટેજ હોસ્પિટલ લઈ ગયેલા.મને પોલીસે કોઈ લખાણ આપેલુ નહી. હુ કોટેજ

હોસ્પિટલમાં એક રાત રોકાયેલો. કોટેજ હોસ્પિટલમાંથી કોઈ લખાણ આપેલુ કે કેમ તેની મને ખબર નથી. ત્યારબાદ મને મીરા હોસ્પિટલમાં લઈ ગયેલા. મે ભિલોડા જી.ઈ.બી.ઓફીસમાં એકાઉન્ટ વિભાગમાં નોકરી કરેલી. મને અઠવાડીયા પછી જશોદાબેને ફરીયાદ કર્યાની ખબર પડેલી.મે મારી ફરીયાદમાં એવુ લખાવેલ છે કે,લાકડુ કાઢી લોહી ન આવે તે રીતે શરીરના બંને ભાગે માર મારેલો.મે આરોપીઓ સામે જમીન અંગે સીવીલ દાવો કરેલો.

(૮.૧) ફરીયાદપક્ષે પંચસાહેદ અરવિંદભાઈ મનજીભાઈ પલાતને આંક–૨૨ થી તપાસતા એવો પુરાવો રજુ કરેલ છે કે,''મને અસલ પંચનામુ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે જે ઓળખુ છુ. જે આંક.૨૩ થી રજુ છે. તે વખતે અશોકભાઈના ઘરે પોલીસ આવેલી અને અમને પંચ તરીકે બોલાવી અને પંચનામામાં સહી કરેલી. ડીમ્પલબેન અને નગજીભાઈ વચ્ચે તકરાર થયેલી તે બાબતેનુ પંચનામુ હતુ.મારી હાજરીમાં પોલીસે કોઈ ઈસમ પાસેથી ગુનાના કામે કોઈ હથીયાર કબ્જે કરેલ નથી.

આ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે તથા વિ.એ.પી.પી.શ્રી દ્વારા લીધેલ ઉલટતપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી.વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓની ઉલટ તપાસ કરવામાં આવેલ જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,પોલીસે મારી રૂબરૂમાં લાકડી કબજે કરેલી કોના પાસેથી કબજે કરેલી તે ખબર નથી.જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવે છે ક''એ વાત ખરી છે કે પોલીસે મારુ નામ સરનામુ પુછેલ તે સિવાય બીજુ કઈ પુછેલુ નહી તથા મારી ફકત સહી લીધેલી તે સિવાય હુ કઈ જાણતો નથી.

(૮.૨)		ફરીયાદપક્ષે પંચસાહેદ હસમુખભાઈ જગદીશભાઈ ભગોરાને આંક– ૨૪ થી તપાસતા એવો પુરાવો રજુ કરેલ છે કે,મને આંક.૨૩ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે જે ઓળખુ છુ. આ સહી મે હુ કામે જતો હતો ત્યારે પોલીસના કહેવાથી કરેલી. આ સિવાય હુ બીજુ કઈ જાણતો નથી.

આ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે તથા વિ.એ.પી.પી.શ્રી દ્વારા લીધેલ ઉલટતપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી.જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવે છે કે,એ વાત ખરી છે કે પોલીસે મારુ નામ સરનામુ પુછેલ તે સિવાય બીજુ કઈ પુછેલુ નહી તથા મારી ફકત સહી લીધેલી તે સિવાય હુ કઈ જાણતો નથી.

(૮.૩)		ફરીયાદપક્ષે સાહેદ દીલીપભાઈ રામજીભાઈ પલાતને આંક–૨૫ થી તપાસતા એવો પુરાવો રજુ કરેલ છે કે,મને અસલ પંચનામુ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે જે ઓળખી બતાવુ છુ. જે આંક–૨૬ થી રજુ છે. આ સહી મે આશરે બારેક મહીના પહેલા બબાલ થઈ હતી તે જગ્યાએ કરેલી. અશોકભાઈ અને નગજીભાઈની વચ્ચે બબાલ થયેલી ત્યારે કરેલી. આ જગ્યા અશોકભાઈના ઘરની બાજુમાં આવેલી છે. અશોકભાઈના ઘરની એક બાજુ રોડ આવેલો છે અને બીજી બાજુ પાળ આવેલી છે. આ જગ્યા નગજીભાઈના જમીનનો શેઢો આવેલો છે અને મહુડાના ઝાડ આવેલા છે.આ રીતે વિગતવારનુ પંચનામુ પોલીસે કરી પંચનામામાં મારી સહી લીધેલી. પોલીસે તે વખતે તપાસ અર્થે કોઈ ચીજ વસ્તુ કબ્જે લીધેલ નહી.

જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવે છે કે,એ વાત ખરી છે કે હુ સહી સિવાય બીજુ કશુ જાણતો નથી. એ વાત ખરી છે કે પોલીસે મારુ નામ ઠામ, ઉંમર અને મોબાઈલ નંબર પુછેલો.

(૮.૪) ફરીયાદપક્ષે સાહેદ કમલેશકુમાર જગદીશભાઈ અસારીને આંક–૨૭ થી તપાસતા એવો પુરાવો રજુ કરેલ છે કે,મને આંક.૨૬ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે જે ઓળખી બતાવુ છુ. આ પંચનામા અંગે કઈ જાણતો નથી તથા સહી કર્યા સિવાય બીજુ કઈ લખાવેલ નથી.

આ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે તથા વિ.એ.પી.પી.શ્રી દ્વારા લીધેલ ઉલટતપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી.જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવે છે કે,''એ વાત ખરી છે કે હુ સહી સિવાય બીજુ કશુ જાણતો નથી. એ વાત ખરી છે કે પોલીસે મારુ નામ ઠામ, ઉંમર અને મોબાઈલ નંબર પુછેલો

(૮.૫) ફરીયાદપક્ષે સાહેદ અલુબેન નગજીભાઈ વરસાતને આંક–૨૮ થી તપાસતા એવો પુરાવો રજુ કરેલ છે કે,બનાવ તા.૩૦/૧૦/૨૦ ના રોજ સાંજના છ વાગ્યે હુ મારા ઘરે હતી ત્યારે બનેલો.હુ અને મારા પતિ નગજીભાઈ એકલાજ અમારા ઘરે રહીએ છીએ.બનાવ વખતે નગજીભાઈને ડાયાબીટીસ હોય તેઓ રોડ ઉપર ફરવા નીકળેલા ત્યારે રોડ ઉપર બુમાબુમ થયેલી જેથી હુ ઘર બંધ કરીને રોડ ઉપર જોવા ગયેલી ત્યાં સુધીમાં મારા પતિ નગજીભાઈને અશોકભાઈ,ડીમ્પલબેન,જશોદાબેન,વિમલભાઈ, ટવીંકલબેન, ગોવિંદભાઈ ઘસડીને તેમના ઘરે લઈને જતા રહેલા અને હુ તેમના ઘરે ગઈ ત્યારે મારા પતિને થાંભલા સાથે રસ્સીથી બાંધી દીધેલા.મારા

પતિને વિમલભાઈ અને ગોવિંદભાઈ બંને લાકડીથી મારતા હતા.મારા પતિને પીઠના ભાગે લાકડીથી ઢોર માર મારેલ.પછી હુ ત્યાં ગયેલી અને મે કહેલુ કે જે કરવુ હોય તે કરો પણ મારશો નહી.પછી પોલીસ આવેલી અને મારા પતિને ભિલોડા પો. સ્ટે. લઈ ગયેલી. ત્યારબાદ ગાડીમાં ભિલોડા પો.સ્ટે. ગયેલા અને ત્યારબાદ અમે મારા પતિની સારવાર ભિલોડા કોટેજ હોસ્પિટલમાં કરાવેલી અને ત્યાંથી વધુ સારવાર માટે મીરા હોસ્પિટલ ભિલોડા લઈ ગયેલા. આ ઝગડો જમીનના શેઢા બાબતે થયેલો. મારા પતિએ જમીનનો શેઢો કાઢવા માટે ફરીયાદ કરેલી જેથી આરોપીઓએ કેમ ફરીયાદ કરી છે તેમ કહીને માર મારેલો.પોલીસે મારુ નીવેદન લીધેલુ. આરોપીઓને જોએ ઓળખી શકુ કોર્ટમાં હાજર છે.

જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,હુ શિક્ષિકા તરીકે આંબાબાર ગામે નોકરી કરતી હતી. આરોપીઓ મારા પતિના કુટુંબી સગા થાય છે.મારા પતિ મુળ વાઘપુર ગામના વતની છે.જમીન મારા પતિએ વેચાણ રાખેલી. મારા પતિ ૨૦૧૬માં નિવૃત થયેલા છે.મારા પતિ મો.સા. પરથી પડી જતા અકસ્માત થયેલો અને ઈજા થયેલી,સાહેદ જણાવે છે કે મારા પતિને સને-૨૦૦૯ માં અકસ્માતથી ઈજા થયેલી. એ વાત ખરી છે કે મારા પતિ જો બીમાર થાય તો બે માણસ બોલાવવા પડે.અમારા ઘરેથી અશોકભાઈના ઘર તરફ આવવુ હોય તો પાળીયા આવેલા છે. અમારી જમીનમાં પાણી માટે બોર કરેલો છે. અશોકભાઈના ઘરે પહોચ્યા પછી મારા પતિ શુ બોલેલા તેની મને ખબર નથી. હુ અશોકભાઈના ઘરે પહોચી ત્યારે આજુબાજુના ઘણા માણસો ભેગા થયેલા. અશોકભાઈ આંબાબાર ગામમાં છાત્રાલયમાં રસોઈયા તરીકે નોકરી કરે છે. અશોકભાઈના ઘર પાસેથી જાહેર રસ્તો પસાર થાય છે.બનાવ સમયે અશોકભાઈના ઘર પાસે ગામના પંદરેક માણસો હાજર હતા.તેમના નામ

મને યાદ નથી. રોડ છોડીને ઉત્તર બાજુ નિનામા લોકોના ઘર છે તથા આ ઘરોમાં માણસો રહે છે. અશોકભાઈના ઘરમાં આઠ માણસો છે. એ વાત ખરી નથી કે હુ સ્થળ ઉપર પહોચી ત્યારે મારા પતિએ શર્ટ પહેરલો હતો તે સિવાય બીજા કપડા કાઢી નાંખેલા,સાહેદ જણાવે છે કે આરોપીઓએ મારા પતિના કપડા કાઢી નાંખેલા. મારા પતિએ અગાઉ જમીન અંગે દાવો કરેલો. મારા પતિએ આ દાવો જુના રેકર્ડ પ્રમાણે દબાણ અંગે કરેલો.અશોકભાઈના ઘરને અડીને અમારી જમીન આવેલી છે. એ વાત ખરી છે કે જુના વખતથી અશોકભાઈએ બાથરૂમ બનાવેલ હોય તેની તકરાર છે,સાહેદ જણાવે છે કે આ બાથરૂમ અમારી જમીનમાં બનાવેલો છે. પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ નથી. અમારી જમીનનુ ક્ષેત્રફળ મને ખબર નથી. એ વાત ખરી નથી કે અમારી જમીનનો સર્વે નંબર મને યાદ નથી,સાહેદ જણાવે છે કે જુનો સર્વે નં.૩૪ અને નવો સર્વે નં.૪ છે.અમારી જમીનના દક્ષિણ ખુણે પબ્લીકની અવર જવરની પગદંડી હતી.અમારી જમીનની બાજુમાં આવેલ પગદંડી પછી અશોકભાઈની જમીન આવેલી છે. આ પગદંડીની કરેલ ફેન્સીંગના તાર તુટેલા છે. મારા પતિની સારવાર કરાવવા હુ સાથે ગયેલી. મારા પતિને પ્રાઈવેટ ગાડીમાં લઈ ગયેલા. મારા પતિને અશોકભાઈના ઘરેથી પોલીસ લાવેલી.હુ મારા પતિને પોલીસ સ્ટેશનેથી કોટેજ હોસ્પિટલ સારવાર માટે લઈ ગયેલ. પોલીસે મને સારવાર અંગે કોઈ લખાણ આપેલુ નહી. કોટેજ હોસ્પિટલમાં અમો બે કલાક રોકાયેલા.અમોને કોટેજ હોસ્પિટલમાંથી કોઈ લખાણ આપેલુ નહી. મારા પતિની મીરા હોસ્પિટલમાં પાંચ દિવસ સારવાર કરાવેલી.

(૮.૬) ફરીયાદપક્ષે સાહેદ દિલીપભાઈ રામજીભાઈને આંક-૩૪ થી તપાસતા એવો પુરાવો રજુ કરેલ છે કે, બનાવ ચારેક વર્ષ પહેલા આંબાબાર ગામે બનેલો.હુ તે દિવસે મજુરી કામે ગયેલો.વરસાત નગજીભાઈ

મારા કાકા થાય છે અને હુ તેમના ખેતરમાં મજુરી કામે ગયેલો.તે વખતે સોયાબીનનુ વાવેતર કરેલુ હતુ અને તે દિવસે અમે આખો દિવસ સોયાબીન ખાડીને આખો દિવસ મજુરી કરેલ અને ત્યારબાદ મારા કાકા નગજીભાઈને ડાયાબીટીસ હોય ચાલવા નીકળેલા અને મારા કાકા ખેતરમાં ફરતા હતા એટલે ત્યાં બે ચાર ભાઈઓ અને બે ચાર બહેનોને બોલાચાલી થતા તેઓ મારા કાકાને મારવા લાગેલા,પરંતુ હુ ભિલોડા કંપાનો રહેવાસી હોય અને હુ ત્યાં મજુરીકામે ગયેલો હોય હુ તેમને બચાવી શકેલ નહી.મારા કાકા નગજીભાઈને પીઠના પાછળના ભાગે લાકડીઓથી માર મારેલો.આ માર ત્યાં હાજર બહેનો અને ભાઈઓએ મારેલો જે આજરોજ નામદાર કોર્ટમાં આરોપી તરીકે હાજર છે તે જ છે.મારા કાકા નગજીભાઈને ત્યારબાદ સીવીલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલા અને તયારબાદ મીરા હોસ્પિટલમાં વધુ સારવાર માટે લઈ ગયેલા.પોલીસે મારો જવાબ લીધેલો.

જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,હુ ભિલોડા કંપા રહુ છુ.ફરીયાદી જી.ઈ.બી.માં નોકરી કરે છે અને મારા કાકા થાય છે.અમે ચાર પાંચ જણા મજુરીકામ કરવા ગયેલા હતા.ફરીયાદીના ખેતરની પશ્ચિમ બાજુએ આરોપીઓના ઘર આવેલા છે.નગજીભાઈને આરોપીઓના ઘરેથી પોલીસ લઈ ગયેલો.પોલીસે મારુ નિવેદન પોલીસ સ્ટેશનમાં લીધેલુ.પોલીસે મારુ ફકત નામ સરનામુ પુછેલુ.

(૮.૭) ફરીયાદપક્ષે સાહેદ ડૉ.દીનેશકુમાર સુખદેવભાઈ ચૌધરીને આંક–૩૬ થી તપાસતા એવો પુરાવો રજુ કરેલ છે કે,''તા.૩૦/૧૦/૨૦૨૦ ના રોજ હુ ભિલોડા કોટેજ હોસ્પિટલ ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતો હતો ત્યારે ગઈ તા.૩૦/૧૦/૨૦૨૦ ના રાતના ૧૦:૩૦ કલાકે દર્દી

નામે નગજીભાઈ નાથાભાઈ વરસાત,ઉ.વ.૬૪,રહે.આંબાબારનાઓને સારવાર અર્થે યાદી વગર મારી હોસ્પિટલમાં લાવેલા અને જેઓને ઈજા બાબતે પુછતા જણાવેલ કે,તા.૩૦/૧૦/૨૦૨૦ ના રોજ સાંજના છ વાગ્યે મને લાકડીથી માર મારેલાનુ જણાવેલ,દર્દી ભાનમાં હતો અને વાઈટલ્સ સામાન્ય હતા.તેઓને તપાસતાં શરીરે નીચે મુજબની ઈજાઓ જોવા મળેલ.(૧)પીઠની ડાબી સાઈડે ખભાના નીચે ચકામા જેનો માપ આશરે ૮×૪ સે. મી. નો હતો.(૨) ડાબી સાથળ ઉપર ચકામા જેનો માપ ૪×૩ સે.મી.નો હતો.(૩) જમણી સાથળ ઉપર ચકામા જેનો માપ ૮×૩ સે.મી.નો હતો. દર્દી નગજીભાઈ નાથાભાઈ વરસાતનો ઓ.પી.ડી. કેસ કઢાવી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ.જે ઓ.પી.ડી.કેસ હુ આજરોજ સાથે લાવેલ છુ,જે રજુ દાખલ આંક-૩૭ આપવામાં આવે છે અને તા.૩૧/૧૦/૨૦૨૦ ના રોજ સવારના બે વાગ્યે તબીબી સારવાર વિરૂધ્ધ જતા રહેલા.આ ઈજાઓ તાજી હતી અને કઠોર અને બોથડ પદાર્થથી થઈ શકે તેવી હતી.આ ઘા કોઈ કોમ્પ્લીકેશન ના થાય તો દસ થી ચૌદ દિવસમાં સારી થઈ શકે તેવી હતી આ બાબતે એમ.એલ.સી. નં.૭૭૪/૨૦૨૦ મારા હસ્તાક્ષરમાં ભરી આપેલ.જેમાં મારી સહી અને હોદ્દાનુ શીલ છે.જે સર્ટીફિકેટ રજુ દાખલ આંક-૩૮ આપવામાં આવે છે.

જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,દર્દી પોલીસ યાદી વગર આવેલ.દર્દીને થયેલ ઈજા ચાર કલાક પહેલાની હતી.દર્દીને થયેલ ઈજા જેવી ઈજા કઠોર અને બોથડ પદાર્થ ઉપર પડી જવાથી શકે તેવી હતી.દર્દીને થેઈ ઈજાનો અકાર તેમજ કલર પણ જણાવેલ નથી.દર્દીનો અળખ તરીકે કોઈ દસ્તાવેજ નથી. તા.૩૦/૧૦/૨૦ ના રોજ મારી પાસે ઘણા બધા દર્દીઓ સારવાર લઈ રહેલ હતા.

(૮.૮) ફરીયાદપક્ષે ડોકટર સાહેદ ર્ડો.મીનલદેવ વસંતકુમાર બ્રહમભટ્ટ ને આંક–૪૧ થી તપાસતા એવો પુરાવો રજુ કરેલ છે કે,મારુ ખાનગી દવાખાનુ મીરા સર્જીકલ એન્ડ મેડીકલ હોસ્પિટલના નામે ધોલવાણી સર્કલ ભિલોડા મુકામે આવેલુ છે અને તા.૩૧/૧૦/૨૦૨૦ ના રોજ હાજર હતો ત્યારે સવારના સમયે ઓ.પી.ડી.માં દર્દી નામે નગજીભાઈ નાથાભાઈ વરસાત,ઉ.વ.૬૪,રહે.આંબાબારનાઓ સારવાર અર્થે આવેલા અને જેઓને ઈજા બાબતે પુછતા જણાવેલ કે,તા.૩૦/૧૦/૨૦૨૦ ના રોજ સાંજના ૭ વાગ્યે મને લાકડીથી માર મારેલાનુ જણાવેલ,દર્દી ભાનમાં હતો અને વાઈટલ્સ સામાન્ય હતા.તેઓને તપાસતાં તેમના શરીરે ઘણી બધી જગ્યાએ લાકડીથી માર મારેલા નિશાન એટલે કે ચકામા જોવા મળેલા અને તેમની સારવારમાં મે તેમની પેટની સોનોગ્રાફી અને છાતીના એક્ષરે કાઢેલ જે નોર્મલ હતા અને તેમને મારી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલા અને તેમને તા.૫/૧૧/૨૦ ના રોજ મારી હોસ્પિટલમાંથી રજા આપેલ અને તેમને ૨૧ દિવસ આરામ કરવાની અમોએ સલાહ આપેલી.આ દર્દી મારી પાસે સારવાર માટે આવ્યા તે અગાઉ કોટેજ હોસ્પિટલ ભિલોડા ખાતે સારવાર લઈને આવેલા.આ બાબતે મે મેડીકલ સર્ટી ફિકેટ આપેલ જે અસલ મને બતાવવામાં આવે છે તેમાં મારી સહી અને સિકકો છે જે રજુ દાખલ આંક–૪૨ આપવામાં આવે છે.''

જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,મારી હોસ્પિટલ છેલ્લા ૨૫ વર્ષથી ચાલે છે. ઈનવર્ડ આઉટવર્ડ રજીસ્ટર નિભાવીએ છીએ.રજીસ્ટર રજુ કરેલ નથી.દર્દી મારી પાસે આશરે દસ વાગ્યે સારવાર સારૂ આવેલો. દર્દીએ અગાઉ સારવાર લીધેલ હતી તે મારા સર્ટીફિકેટમાં જણાવેલ નથી.દર્દીને સામાન્ય પ્રકારની ઈજા હતી.

(૮.૯) ફરીયાદપક્ષે ત.ક.અ.ચંદુભાઈ ખાતુભાઈ,એ.એસ.આઈ.ને આંક–૪૬ થી તપાસતા એવો પુરાવો રજુ કરેલ છે કે,ગઈ તા.૩૦/૧૦/૨૦૨૦ ના રોજ અમો ભિલોડા પો.સ્ટે.એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન ભિલોડા પો.સ્ટે.સે.ગુ.ર.નં.૭૦૪/૨૦,ઈ.પી.કો.કલમ–૩૨૩, ૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબનો ગુન્હો પી.એસ.ઓ.શ્રી રુશ્મીલાબેન પનજીભાઈનાઓએ ગુન્હો રજીસ્ટર કરી સુચિપત્રમાં મારા નામજોગ હુકમ કરી તપાસ અમોને સોંપેલ.જે સુચિપત્ર રજુ દાખલ આંક–૪૭ આપવામાં આવે છે.સદર ગુન્હાના કામે તપાસના કાગળો વંચાણે લઈ,સદર કામે આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને માર મારી ઈજા પહોંચાડી,જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી,ગાળો બોલી ઝઘડો કર્યાની ફરીયાદ આપેલ.સદર ગુન્હાના કામે તા.૦૫/૧૧/૨૦ ના રોજ બનાવવાળી જગ્યા એ જઈ બનાવવાળી જગ્યાનુ ચતુરદિશાનુ પંચનામુ પંચો રૂબરૂ કરી લીધેલ. જે પંચનામુ આ કામે આંક–૨૬ થી રજુ છે.ત્યારબાદ તા.૭/૧/૨૧ ના રોજ આરોપી વિમલભાઈ અશોકભાઈ પલાત નાઓ એ પોતે ગુનાના કામે વાપરેલ હથીયાર લાકડી સ્વખુશીથી રજુ કરતા તેનુ વિગત વારનું પંચનામું કરી કબજે લીધેલ જે પંચનામુ આંક–૨૩થી રજુ છુ.ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ અને તા.૦૭/૦૧/૨૧ ના રોજ આરોપીઓને અટક કરી જામીન ઉપર મુકત કરેલ અને આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીઓ ને જોયેથી ઓળખુ છુ .આરોપીઓ નામદાર કોર્ટમાં હાજર નથી હાજર હોય તો ઓળખી શકુ.ઓળખની તકરાર નથી.

જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હુ બનાવવાળી જગ્યાએ તપાસ અર્થે બે ત્રણ વખત ગયેલો.હું બનાવવાળી જગ્યાએ ફરીયાદ દાખલ કર્યા પહેલા તપાસ અર્થે

ગયેલ નથી.બનાવના દિવસે ફરીયાદી આરોપીના ઘરે હતા.ફરીયાદી નગજીભાઈ નાથાભાઈ ચઢ્ઢો તથા શર્ટ પહેરેલ હતા અને પોલીસ સ્ટેશન લાવેલા. મારી તપાસમાં જમીનનો ઝઘડો હતો તે જાણેલુ.ફરીયાદીની ફરીયાદમાં કે સાહેદના જવાબમાં જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવુ જણાવેલ નથી.બનાવાવળી જગ્યાના પંચનામામાં મે ઈ.પી.કો.કલમ–૫૦૬(૨) નો ઉલ્લેખ કરેલો છે.

(૯) આમ, ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ પુરાવો વંચાણે લેતાં, આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ–૩૨૩,૫૦૪,૧૧૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબની જોગવાઈ અન્વયે ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવાનો રહે છે.

(૧) આરોપીઓ સામે ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩ મુજબનો આક્ષેપ છે ત્યારે નીચે મુજબની હકિકત સાબીત કરવાની રહે છે.

<u>ઈ.પી.કો.કલમ–૩૨૩ના આવશ્યક તત્વો :–</u>

૧) આરોપીએ શારીરીક પીડા,રોગ અથવા અશકિત નિપજાવેલ હતી.

૨) આવુ કૃત્ય આરોપીએ વ્યથા તથા મહાવ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા તથા મહાવ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વેચ્છા પુર્વક કર્યુ હતુ.

(૨) આ કામે આરોપીઓ સામે ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૪ મુજબનો કેસ સાબીત કરવા માટે નીચે મુજબની હકિકત સાબીત કરવાની રહે છે.

<u>ઈ.પી.કો.કલમ–૫૦૪ ના આવશ્યક તત્વો :–</u>

૧) આરોપીએ ઈરાદા પુર્વક કોઈ વ્યકિતનુ અપમાન કર્યુ.

૨) તેમ કરીને આરોપી તે વ્યકિતને ઉશ્કેરવા માંગતી હતી.

૩) આરોપી જાણતા હતા કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહશાંતીનો ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.

(૩) આરોપીઓ સામે ભારતીય દંડ સંહીતાની કલમ–૧૧૪ અંગે નીચે મુજબના આક્ષેપીત તત્વો પુરવાર કરવાના રહે છે.

<u>ઈ.પી.કો.કલમ–૧૧૪ ના આવશ્યક તત્વો :–</u>

૧) મુખ્ય ગુન્હો બન્યો હોવો જોઈએ, એટલે કે જે ગુન્હાની મદદગારી કરવામાં આવી હોય તે ગુન્હો બન્યો હોવો જોઈએ.

૨) તે મુખ્ય ગુન્હા માં મદદગારે મદદગારી કરી હોવી જોઈએ.

૩) ગુન્હો બને ત્યારે મદદગાર ની હાજરી ત્યાં હોવી જોઈએ.

૪) અથવા આવો મદદગાર ગેરહાજર હોય તો તેની જવાબદારી નિશ્ચિત થાય તેવી મદદગારી તેણે કરી હોવી જોઈએ તથા

૫) ગુન્હો બનતાં પહેલા આ ગુન્હો બને ત્યારે મદદગારે મદદગારી કરી હોવી જોઈએ.

(૪) આરોપીઓ સામે જી.પી. એક્ટની કલમ–૧૩૫ મુજબનો આક્ષેપ છે ત્યારે નીચે મુજબની હકિકત સાબીત કરવાની રહે છે.

<u>ઈ.પી.કો.કલમ–૧૩૫ ના આવશ્યક તત્વો :–</u>

૧) આરોપીએ જે તે વિસ્તારમાં પોલીસ કમિશ્નર કે ઉચ્ચ પોલીસ અધિકારીના હથીયારબંધીના જાહેરનામું અમલમાં હોય તે દરમ્યાન ગેરકાયદેસર હથીયાર ધારણ કરેલ હોવા જોઈએ.

૨) આરોપીએ આ હથિયાર જાહેરનામાનો ભંગ કરી ગુનો કરવાના હેતુથી ધારણ કરેલ હોવા જોઈએ.

-:: તારણો ::-

(૧૦) ફરીયાદપક્ષનો પુરાવો જોવામાં આવે તો ફરીયાદી તેઓની આંક-૧૬ ની ફરીયાદમાં જણાવે છે કે,આરોપી જશોદાબેનનાઓ દોડી આવી ફરીયાદીને મા-બેન સામી ગાળો બોલી ગડદા પાટુનો માર મારેલ તથા આરોપી ડીમ્પલબહેન આવેલા અને ફરીયાદીને માર મારવા લાગેલા ત્યારબાદ આરોપી વિમલભાઈ તથા ગોવિંદભાઈ આવેલા અને માર મારવા લાગેલા.આરોપી વિમલભાઈએ ફરીયાદીને લાકડીથી માર મારેલો અને હાથ ઉપર અને પીઠ ઉપર મારે મારેલ.

ફરીયાદપક્ષનો પુરાવો જોવામાં આવે તો,આરોપીઓએ ફરીયાદીને ગાળો આપેલ તેવો ફરીયાદપક્ષનો કેસ છે ત્યારે આરોપીઓએ કઈ ગાળો આપી,તેના શબ્દો શું હતા તે વિગત પણ ફરીયાદ પક્ષે તેમના પુરાવામાં જણાવેલ નથી.ફરીયાદી નો પુરાવો જોવામાં આવે તો આરોપીઓએ ફરીયાદીને ગાળો બોલેલ હોય તેવી હકીકત જણાવેલ છે પરંતુ આરોપીઓએ ફરીયાદપક્ષના સાહેદ જાહેર સુલેહ શાંતિ ભંગ કરી બેસસે અથવા કોઈ ગુનો કરી બેસસે તેવુ જાણવા છતા તે સાહેદોનુ અપમાન કરી તેઓને ઉશ્કેરાટનું કારણ આપેલ તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.આ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો <u>A.B.VATALIYA(P.S.I. Vs.STATE OF GUJARAT,GLR 2011(3) 2557</u> જોવામાં આવે તો તેના

પારા–૮ માં ઠરાવેલ છે કે,

> The complaint dated 28-1-2003 appears to be vague and no specific allegations are made which can show that the ingredient of Sec. 504 of I.P.C. are attracted qua accused No. 4 for issuance of process. In order to appreciate whether the language used by the petitioner would amount to an insult of the type as would invoke provocation of the nature mentioned above, it was necessary to know that what were the abusive words alleged to have been used by the petitioner. In the instant case, no such abusive words are mentioned or specified in the complaint. Therefore, it cannot be said that the language used by the petitioner would amount to an insult of the type as would invoke provocation of the nature stated above.

ઉપરાંત,નામદાર ગુજરાત હાઈકોર્ટનો અન્ય ચુકાદો ૨૦૦૭(૧) જી.એલ.એચ.,૩૩૭,પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતમાં પણ નામદાર કોર્ટે ઠરાવેલ છે કે,

> Actual words use by accused not coming on record. unless they come on record, it is not possible to hold that the offence is committed.

આમ,ઉપરોકત ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ઈ.પી.કો. કલમ–૫૦૪ ના ગુના માટે ઉશ્કેરાત્મક ચોકકસ શબ્દો કયા હતા તેવુ ફરીયાદપક્ષના સાહેદે જણાવવુ જોઈએ, જો તે ચોકકસ શબ્દો જણાવવામાં આવેલ ન હોય તો આ કલમ હેઠળનો ગુનો બનેલ છે તેવુ ઠરાવી શકાય નહિ. આમ,ફરીયાદ પક્ષના સાહેદોએ આરોપીઓએ ચોકકસ કયા પ્રકારના ઉશ્કેરાટ માટેના

શબ્દો બોલેલા તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર ન હોય,તેમજ આરોપીઓએ ઈરાદાપુર્વક ઉશ્કેરેલ તેવી પણ કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ ન હોય,જેથી આરોપીઓ સામે ઈ.પી.કો. કલમ–૫૦૪ મુજબનો કોઈ ગુન્હો સાબિત થતો નથી.

(૧૧) ફરીયાદપક્ષનો કેસ જોવામાં આવે તો,આરોપીઓએ હથીયાર ધારણ કરી જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના જાહેરનામાનો ભંગ કરેલ છે.ફરીયાદપક્ષ ઘ્વારા આંક–૨૨ થી પંચસાહેદ અરવિંદભાઈ મનજીભાઈ પલાત તથા આંક–૨૪ થી પંચસાહેદ હસમુખકુમાર જગદીશભાઈ ભગોરાને તપાસવામાં આવેલ છે.સદર પંચસાહેદો હોસ્ટાઈલ થઈ ગયેલ છે તથા આંક–૨૩ ના પંચનામાને સમર્થન આપેલ નથી ફરીયાદપક્ષ ઘ્વારા બનાવ સમયે તા.૩૦/૧૦/૨૦ ના રોજ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનુ જાહેરનામુ અમલમાં હોઈ તે જાહેરનામુ કે તેની નકલ રજુ કરેલ નથી. આંક–૪૬ થી તપાસ કરનાર અમલદાર એ.એસ.આઈ.ચંદુભાઈ ખાતુભાઈનો પુરાવો જોવામાં આવે તો,બનાવ સમયે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી મોડાસાનુ હથીયારબંધીનુ જાહેરનામુ અમલમાં હતુ તેવી કોઈ હકીકત જણાવતા નથી તથા ફરીયાદપક્ષ ઘ્વારા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી મોડાસાની કચેરીના કોઈ અધિકૃત કર્મચારી કે અધિકારીને તપાસેલ નથી.આમ,ફરીયાદપક્ષ ઘ્વારા તપાસ કરનાર અમલદારની જુબાનીમાં પણ હથીયારબંધીનુ જાહેરનામુ રજુ કરવામાં આવેલ નથી કે કોઈ સાહેદ તપાસેલ ન હોય જેથી આરોપીઓએ જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલાનુ જણાતુ નથી.

(૧૨) ફરીયાદ પક્ષનો પુરાવો જોવામાં આવે તો આંક–૧૬ની ફરીયાદમાં જણાવેલ છે કે આરોપી જશોદાબેન,ડિમ્પલબેન,વિમલભાઈ અને ગોવિં દભાઈનાઓને ગડદા પાટુનો માર મારેલો તથા આરોપી વિમલભાઈએ હાથ ઉપર તથા પીઠના ભાગે લાકડી મારી ઈજા કરેલ ફરીયાદ પક્ષ ઘ્વારા આંક–૧૫ થી

ફરીયાદી નગજીભાઈ નાથાભાઈને તપાસવામાં આવેલ છે.તેઓનો પુરાવો જોવામાં આવે તો તેઓ જણાવે છે કે આરોપી જશોદાબેન ડિમ્પલબેન,ગોવિદભાઈ તથા વિમલભાઈએ પાડી નાખેલા અને હાથ પગ ખેચી ઘસેડેલા અને લાકડાથી માર મારેલો. આંક–૨૮ થી સાહેદ અલુબેન નગજીભાઈનો પુરાવો જોવામાં આવે તો તેઓ જણાવે છે કે, તેઓ રોડ ઉપર ફરવા નીકળ્યા ત્યારે આરોપી જશોદાબેન, ડિમ્પલબેન,ગોવિદભાઈ તથા વિમલભાઈનાઓએ ફરીયાદીને ઘસડીને તેમના ઘરે લઈ ગયેલા અને લાકડીથી માર મારેલ. આંક–૩૪ થી સાહેદ દીલીપભાઈ રામજીભાઈનાઓ તેઓના પુરાવામાં જણાવે છે કે બે ચાર ભાઈઓ અને બહેનોએ નગજીભાઈને મારવા લાગેલા અને પીઠના પાછળ લાકડીઓથી માર મારેલો.આંક–૩૬ થી ડોકટર સાહેદ દિનેશકુમાર સુખદેવાભાઈનો પુરાવો જોવામાં આવે તો તેઓ જણાવે છે કે તા. ૩૦/૧૦/૨૦ ના રોજ રાત્રીના ૧૦/૩૦ કલાકે તેઓ ભિલોડા સરકારી દવાખાને ફરજ બજાવતા હતા ત્યારે ઈજા પામનાર નગજીભાઈ નાથાભાઈ તેઓની પાસે સારવાર કરાવવા આવેલા અને તેઓ જણાવેલ કે આ ઈજાઓ લાકડીના મારથી થયેલ છે. તેઓને ખભાના નીચે ડાબા સાથળ ઉપર તથા જમણા સાથળ ઉપર ચકામા થયેલા હતા જે અંગેના સારવારનું પ્રમાણપત્ર આં ક–૩૮ થી રજુ છે આંક–૪૧ થી ડોકટર સાહેદ મિનલબેન બ્રહમભટ્ટનો પુરાવો જોવામાં આવે તો તેઓ જણાવે છે કે,નગજીભાઈ નાથાભાઈ તેઓની પાસ ે સારવાર સારૂ આવેલા અને તેઓને લાકડીથી ઈજા થયેલી હતી આમ, ફરીયાદી તથા સાહેદોનો પુરાવો જોવામાં આવે તો તેઓએ આંક–૧૬ ની ફરીયાદને સમર્થકારી પુરાવો રજુ રાખેલ છે ફરીયાદમાં જણાવ્યા મુજબની ઈજાઓ તથા આરોપીઓના નામ તેઓએ તેઓના પુરાવામાં જણાવેલ છે ફરીયાદીને ઈજા થયેલ છે ફરીયાદીએ સારવાર કરાવેલ છે ડોકટર સાહેદોના મૌખિક પુરાવાથી તથા સારવારના પ્રમાણપત્રથી પણ ફરીયાદીને લાકડીથી ઈજા થયેલ છે આમ ફરીયાદ પક્ષનો પુરાવો જોતા આરોપીઓએ ફરીયાદને લાકડીથી ઈજા કરેલાનુ

જણાય છે.

બચાવ પક્ષનો બચાવ જોવામાં આવે તો તેઓ જણાવે છે કે ફરીયાદી તથા આરોપીઓ વચ્ચે જમીનના દાવા ચાલે છે વાડની તકરાર ચાલે છે તેથી ખોટી ફરીયાદ કરેલ છે અને આરોપીઓએ પણ ફરીયાદી વિરૂધ્ધ ફરીયાદ કરેલ છે પરંતુ ફરીયાદીને ઈજા થયેલ છે જે હકીકત ફરીયાદી,સાહેદોના તથા ડોકટરશ્રીના પુરાવાથી જણાય આવે છે તથા કોઈ પણ વ્યકિત પોતાના શરીર ઉપર જાતે ઈજા કરે નહી આમ બચાવ પક્ષ ધ્વારા જે બચાવ લેવામાં અવો છે તે ટકવા પાત્ર જણાતો નથી.

(૧૩) આમ,ઉપરોકત ચર્ચાને ધ્યાને લેતાં,ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩ તથા ૧૧૪ મુજબનો ગુન્હો નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે.જેથી મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>–:: આખરી હુ ક મ ::–</u>

(૧) આરોપીઓ (૧) જશોદાબેન વા/ઓ અશોકભાઈ પ્રેમજીભાઈ પલાત,ઉં.વ.૪૦,(૨) વિમલભાઈ અશોકભાઈ પલાત,ઉં.વ.૨૧,(૩) ગોવિંદભાઈ અશોકભાઈ પલાત,ઉં.વ.૨૦,તમામ રહે.આંબાબાર,તા.ભિલોડા, જી.અરવલ્લી ઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) પ્રમાણે ઈ.પી.કો.કલમ –૫૦૪,તથા જી.પી.એકટ–૧૩૫ મુજબના ગુનાના કામે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓ (૧) જશોદાબેન વા/ઓ અશોકભાઈ પ્રેમજીભાઈ પલાત, ઉં.વ.૪૦,(૨) વિમલભાઈ અશોકભાઈ પલાત,ઉં.વ.૨૧,(૩)ગોવિંદભાઈ અશોકભાઈ પલાત,ઉં.વ.૨૦,તમામ રહે.આંબાબાર,તા.ભિલોડા,જી.

અરવલ્લીનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૨)પ્રમાણે ઈ.પી.કો. કલમ–૩૨૩ તથા ૧૧૪ મુજબના કામે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૩) કામ સજા અંગે સાંભળવા મુલ્તવી.

હુકમ આજરોજ તારીખ:૦૫ મી,માહે:જુન,સને– ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવીને જાહેર કર્યો.

તા.૦૫/૦૬/૨૦૨૬
સ્થળ:ભિલોડા

(તુષારકુમાર વીરાભાઈ પરમાર)
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
ભિલોડા
કોડ નંબર :જી.જે. ૦૧૦૮૪

## સજા અંગે સાંભળ્યા

(૪) આરોપીઓના વિદ્વાન વકીલશ્રી જણાવે છે કે, આરોપીનો આ પહેલો ગુન્હો છે. અગાઉ કોઈ કોર્ટ તેમને તકસીરવાન ઠરાવેલ નથી.આરોપી નં.ર વિમલભાઈ અશોકભાઈ બિમાર છે બિમારીના કારણે હાજર રહી શકે તેમ નથી. આરોપીઓ મજુરી કામ કરી ગુજરાન ચલાવે છે. આરોપી ઉપર તેઓના કુટુંબના ભરણપોષણની જવાબદારી છે. જેથી તેમને સજા ન કરી પ્રોબેશનનો લાભ આપવાની રજુઆત કરેલ છે અને આંક– પ૩ થી પ્રોબેશનનો લાભ મેળ વવા અરજી આપેલ છે. ત્યારબાદ સરકાર તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી જણાવે છે કે, આરોપીઓએ નાની બાબતમાં ફરીયાદી સાથે ઝઘડો કરી ફરીયાદીને ઈજા પહોંચાડેલ હોય તેઓની સાથે નરમ વલણ રાખવું જોઈએ નહી. તેથી આરોપી ને સજા કરવા વિનંતી છે.

આમ બંને પક્ષોની દલીલો સાંભળી કેસની હકીકત જોતા આ કેસ હકીકતો જોતા આ કામના આરોપી સામે આ પ્રકારનો ગુન્હો અગાઉ દાખલ થયેલ હોવાનં જણાઈ આવતુ નથી. તેમજ તેઓ ઉપર તેઓના કુટુંબના માણસોના ભરણપોષણની જવાબદારી હોવાની હકીકત રેકર્ડ પરથી જણાઈ આવે છે અને તેમના ઘરની જવાબદારી તેમના પર હોવાનું માનવામાં આવે છે. તેમજ આરોપી કોઈ રીઢા ગુન્હેગાર નથી તથા આરોપીઓ દર મુદતે કોર્ટમાં હાજર રહે છે. જેથી આરોપીને પ્રોબેશનનો લાભ નહી આપવામાં આવે અને સજા કરવામાં આવે તો વ્યાજબી જણાશે નહી. વળી આ કેસની હકીકતો તેમજ નામદાર સુપ્રિમ કોર્ટે આપેલા સિદ્ધાંતોને ધ્યાને લેતા આરોપી એકંદરે નિયમીત કોર્ટમાં હાજર રહેલ હોય, ત્યારે સદર માનેલા ગુન્હાના પ્રકાર સ્વરૂપ આરોપીની ઉંમર તથા ઓરોપીની જવાબદારી ધ્યાને લેતા આરોપીને પ્રોબેશન ઓફ એફેન્ડર એક્ટની કલમ-૩ હેઠળ પ્રોબેશનનો લાભ આપવા આ અદાલત દ્વારા નક્કી કરવામાં આવેલ છે. જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>આખરી હુકમ</u>

(૧) આરોપીઓ (૧) જશોદાબેન વા/ઓ અશોકભાઈ પ્રેમજીભાઈ પલાત,ઉં.વ.૪૦, (૨) વિમલભાઈ અશોકભાઈ પલાત,ઉં.વ.૨૧,(૩) ગોવિંદભાઈ અશોકભાઈ પલાત,ઉં.વ.૨૦,તમામ રહે.આંબાબાર,તા.ભિલોડા, જી.અરવલ્લી ઓને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટની કલમ-૩ મુજબ ઈ.પી.કો.ની કલમ-૩૨૩ તથા ૧૧૪ મુજબના ગુન્હામાં ઠપકો આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે અને ચેતવણી આપવામાં આવે છે કે,આ પ્રકારનો ગુન્હો ફરીથી કરવો નહી.

(૨) આરોપીને આ હુકમની નકલ વિના મુલ્યે આપવી.

(૩) આરોપીઓએ ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭(એ)મુજબના રૂા.૧૦,૦૦૦/- ના અપીલ સમયના સધ્ધર જામીન રજુ રાખવા.

હુકમ આજરોજ તારીખ:૦૫મી,માહે:જુન,સને- ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવીને જાહેર કર્યો.

તા.૦૫/૦૬/૨૦૨૬
સ્થળ:ભિલોડા

(તુષારકુમાર વીરાભાઈ પરમાર)
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
ભિલોડા
કોડ નંબર :જી.જે. ૦૧૦૮૪